# નડીઆદ નગરપાલિકા

પ્રમુખશ્રી : ૦૨૬૮–૨૫૫૦૨૧૭
નગરપાલિકા કચેરી : ૦૨૬૮–૨૫૫ ૧૩૭૬/૭૭
ફેક સ નં. : ૦૨૬૮– ૨૫૫૧૩૭૮
ઈ.મેલ:nadiadmunicipality@yahoo.com
વેબ સાઈટ : www.nadiadmunicipality.com

પો.બો.નં. ૮
નગરપાલિકા કચેરી
સરદાર ઉદ્યાન
નડીઆદ–૩૮૭૦૦૧.
જી.ખેડા

જાવક નં. NFB/146 તા.૨૪/૦૮/૨૦૨૧

પ્રતિ,
કર્મવીર ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપર્સના ભાગીદાર
ધર્મવીરસિંહ ગંગાસિંહ રાજપુરોહિત
ઠે.કર્મવીર ટાવર;કપડવંજ રોડ,
નડીઆદ,જી.ખેડા.

વિષય : નકશા પર ફાયર સેફટીનો અભિપ્રાય આપવા બાબત.
સંદર્ભ : આપની ઈ.નં. ૪૨૦૫ તા. ૧૭/૦૮/૨૦૨૧ ની નકશા સહીતની ફાઈલ

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શીત અરજી અન્વયે જણાવવાનું કે, આપની ઈ.નં. ૪૨૦૫ તા. ૧૭/૦૮/૨૦૨૧ ની વ.વિ.૧,સીટી સર્વે નં. ૩૧૩૫ તથા ૧૮૫૫ પૈકીમાં ગ્રાઉન્ડ તથા બે માળના કોમ્પલેક્ષમાં વાણીજ્ય બાંધકામ હેતુ માટે આપના ધ્વારા ફાયરબ્રિગેડ વિભાગનો અભિપ્રાય માંગવામાં આવેલ. જે અન્વયે અમારા અભિપ્રાય મુજબ નીચે મુજબની બાબતો ધ્યાને લઈ અમલીકરણ કરવાનું રહેશે તેમજ ગુજરાત સરકારશ્રીના શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨૧/૦૭/૨૦૧૮ નોટીફીકેશન મુજબ ફાયર સીસ્ટમ લગાવવાની રહેશે અને નીચેના મુદ્દાઓ ધ્યાને લેવાના રહેશે.

(૧) ઈમારતમાં નિયમ મુજબની સંપૂર્ણ ફીક્સ ફાયર ફાયટીંગ સીસ્ટમ કરવાની રહેશે અને ડીટેકશન, ફાયર એલાર્મ સીસ્ટમ તેમજ સ્પ્રીન્કલર સીસ્ટમ લગાવવાની રહેશે તેમજ પુરતા પ્રમાણમાં ઈમરજન્સી એક્ઝીટ અને વેન્ટીલેશન રાખવાની રહેશે તેમજ પંપહાઉસમાં જોકી પંપ,મેઈન ઈલેક્ટ્રીક પંપ અને ડીઝલ પંપ લગાવવાના રહેશે.
(૨) હોઝરીલ અડચણરહીત સૌથી દુરના સ્થાન સુધી સરળતાથી પહોંચે તે મુજબની લગાવવાની રહેશે.
(૩) અલગ અલગ જગ્યાએ ફાયર એકસ્ટીગ્યુસરો પુરતા પ્રમાણમાં રાખવાના રહેશે તેમજ ઈલેક્ટ્રીક કેબલોમાં ફાયર પેસીવ સીસ્ટમ કરવાની રહેશે.
(૪) નિયમ મુજબ ઈમારતમાં ચારેબાજું ફાયરનું મોટુ વાહન ફરી શકે તે મુજબના પાકા રોડ બનાવવાનો રહેશે.
(૫) સરકારશ્રી લગત સત્તામંડળ અને સક્ષમ અધિકારીઓ ધ્વારા કરવામાં આવેલ લગત તમામ નિયમો,દિશા નિર્દેશો અને કાયદા મુજબ ફાયર સેફટીનું પાલન કરવાનું રહેશે. વધુમાં અન્ય કોઈ જોખમ જણાશે તો ફાયર અધિકારીની સૂચના મુજબ કામ કરવાનું રહેશે.
(૬) ગુજરાત રાજ્ય અગ્નિ નિવારણ કાયદા કલમ ૧૨ હેઠળ ફાયર સેફટી ઓફીસર રાખવાના રહેશે.
(૭) ઈમારતમાં અગર ગ્લાસ ફસાડ વાપરવામાં આવ્યા હોય તો તે તમામ ફીક્સ ન રાખતા ઓપનબેલ્ટ લગાવવાના રહેશે.
(૮) આ ઉપરાંત ફાયર ઓફીસરની દરેક સૂચનાનું પાલન કરવાનું રહેશે.

ઉપરોક્ત સૂચનો અને આપેલ નકશામાં જણાવ્યા મુજબના રેખાચિત્રોનું અને સદર પત્રમાં જણાવ્યા મુજબ પાલન કરવાની શરતે સદર અભિપ્રાય આપવામાં આવે છે.

ફાયર સુપ્રિન્ટેન્ડન્ટ
ફાયરબ્રિગેડ વિભાગ
નડીઆદ.

E:\NNP_O-S DEPART\2021-2022\Fire\Fire\LETTER.doc